RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 305, Dt.15-3-2025 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# રાજ્યમાં હોળી-ધૂળેટીનો તહેવાર બન્યો ગોઝારો : ૨૧ના મોત

## ૧૦૮ ઈમરજન્સી સેવા દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા મુજબ ગુજરાતમાં ધૂળેટીના દિવસે ૩૪૮૫ મેડિકલ ઈમરજન્સી કોલ્સ આવ્યા, જેમાંથી માર્ગ અકસ્માતની ઘટનાના સૌથી વધુ ૭૧૫ કોલ્સ નોંધાયા

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

રાજ્યમાં હોળી-ધૂળેટીના પર્વની પર મારામારી, માર્ગ અકસ્માત સહિતની ઘટનાઓ નોંધાઈ હતી. તહેવારોમાં અકસ્માત સહિતની ઘટનાઓને ધ્યાનમાં રાખીને રાજ્યમાં ૨૪ કલાક ૧૦૮ ઈમરજન્સી સેવામાં સજ્જ રહી હતી. ૧૦૮ ઈમરજન્સી સેવા દ્વારા રાજ્યમાં ધૂળેટીની સાંજે ૬ વાગ્યા સુધીમાં આવેલા કોલને લઈને આંકડાકીય માહિતી જાહેર કરી હતી. ૩૪૮૫ કોલ્સમાંથી સૌથી વધુ ૭૧૫ માર્ગ અકસ્માતના કોલ નોંધાયા હતા. મેડિકલ ઈમરજન્સીના કેસમાં ૩૦ ટકા જેટલો વધારો થયો છે.

રાજયમાં હોળી-ધૂળેટીનો તહેવાર ઉમંગ-ઉત્સાહની સાથે ગોઝારો બન્યો હોય તેમ આગ, અકસ્માત, ડુબી જવા જેવી ઘટનાઓમાં ૨૧ લોકોના મોત નીપજયા હતા. અકસ્માતો, મારામારી, પડી જવા જેવી ઈમરજન્સી ઘટનાઓની સંખ્યામાં પણ મોટો વધારો થયો હતો.

કરૂણાંતિકાનાં બનાવો પૈકી રાજકોટની વૈભવી ઈમારત એવી એટલાન્ટીસ બિલ્ડીંગમાં સર્જાયેલા અગ્નિકાંડમાં ત્રણ લોકોના મોત નિપજયા હતા. ધૂળેટીનાં દિવસે જ સર્જાયેલા આગના આ બનાવમાં સંખ્યાબંધ લોકોનું રેસ્કયુ કરાયું હતું.

આ સિવાય વડોદરામાં પાવાગઢથી દર્શન કરીને પરત ફરતા સુરતનાં પટેલ પરિવારની કારના ચાલકે કાબુ ગુમાવતા કાર ઝાડ સાથે ટકરાઈ હતી અને તેમાં ચાર લોકોનાં મોત નીપજયા હતા.

નડીયાદમાં પણ તહેવાર ગોઝારો બન્યો હતો.હીટ એન્ડ રનના બે બનાવમાં બે લોકોના મૃત્યુ નીપજયા હતા. આ સિવાય જામનગરમાં કાલાવડ-જીવાપર રોડ પર કપાસ ભરેલા ટ્રક પર બેઠેલા પાંચ મજુરોને હાઈ વોલ્ટેજ વિજ લાઈનનો કરંટ લાગ્યો હતો તેમાં ચાર લોકોના મોત નીપજયા હતા અને અન્યોને સારવાર માટે ખસેડાયા હતા.

ધોળકા-બગોદરા હાઈવે પર ડીજે સાઉન્ડ સીસ્ટમ સાથે રાજકોટથી દાહોદ જ રહેલા આઈશરનું ટાયર



ફાટતાં બે લોકોના મોત નીપજયા હતા. ૧૩ માર્ચે સર્જાયેલા આ અકસ્માતમાં ભોગ બનનાર બન્ને યુવાનો રાજકોટના હોવાનું બહાર આવ્યું હતું.

જામનગરમાં હોળીની રાત્રે ખુની ખેલ ખેલાયો હતો મોરકંડા ગામે સામાન્ય બોલાચાલીમાં ત્રણ સગાભાઈઓ પર હુમલો થતા એકનુ મોત નીપજયુ હતું. હત્યાનો અન્ય એક બનાવ અમરેલીનાં લાઠીમાં બન્યો હતો જેમાં પતિએ જ પત્નિને રહેંસી નાખી હતી.

મહેસાણાનાં ઉંઝા હાઈવે પર પણ હીટ એન્ડ રનનો બનાવ બન્યો હતો જેમાં કારચાલકની ટકકરથી પગપાળા જતા બાઈક સવાર યુવાનનું મૃત્યુ નીપજયુ હતું. ઉંઝામાં જ અન્ય એક અકસ્માતમાં અજાણ્યા વાહનની ઠોકરે વૃદ્ધનુ મોત થયુ હતું.

સુરતના માંડવી તાલુકાનાં અરેઠ ગામમાં ટ્રેકટર ચાલકે કાબુ ગુમાવતા તે ખાણમાં ખાબકયુ હતુ અને તેમાં ચાલકનુ મોત નીપજયુ હતુ. બોટાદના ગઢડા નજીક કાળુભાર નદીમાં નહાવા પડેલા બે યુવકોનાં મોત નીપજયા હતા.થરાદમાં નર્મદાની કેનાલમાંથી એક યુવતીનો મૃતદેહ મળ્યો હતો યુવતીએ આપઘાત કર્યાનું બહાર આવ્યું હતું. આ સિવાય માંડવીનાં કરંજમાં યુવતીએ પંખા સાથે લટકીને આપઘાત કર્યો હતો બારડોલીમાં પરિણીતાએ ઘરેલુ હિંસાથી કંટાળીને આપઘાત કર્યો હતો.

હોળી-ધૂળેટીના ઉત્સાહનાં અતિરેક તથા બહાર ફરવાના શોખથી અકસ્માતથી માંડીને આરોગ્ય સંબંધી પ્રશ્નોમાં વધારો થાય જ છે. ગુજરાતમાં ૧૦૮ એમ્બ્યુલન્સને મળતા ઈમરજન્સી કોલમાં મોટો વધારો થયો હતો.શુક્રવાર સાંજ સુધીની સ્થિતિએ જ ૩૪૮૫ ઈમરજન્સી કોલ થયા હતા તેમાં અકસ્માતોનાં સૌથી વધુ હતા.અકસ્માતનાં ૭૧૫, મારામારીનાં ૩૬૦, ૨૦૯ સામાન્ય ઈજાના કોલ હતા.

અકસ્માતના સૌથી વધુ ૯૬ બનાવ અમદાવાદમાં નોંધાયા હતા. સુરતમાં ૯૩, વડોદરામાં ૫૧, રાજકોટમાં ૩૪, દાહોદમાં ૨૯, બનાસકાંઠામાં ૨૪, પંચમહાલમાં ૨૩, ભરૂચમાં ૨૩, વલસાડ , નવસારી, આણંદમાં ૨૦-૨૦ કેસ હતા. સામાન્ય દિવસોમાં સરેરાશ ૪૫૮ કોલ નોંધાતા હોય છે.

# કર્મચારીઓ સીધા ATMમાંથી તેમના ભવિષ્યનિધિના પૈસા ઉપાડી શકશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન ટૂંક સમયમાં તેના સભ્યો માટે પીએફ ઉપાડવાની પ્રક્રિયામાં મોટો બદલાવ લાવવા જઈ રહ્યું છે. કેન્દ્રીય શ્રમ મંત્રી મનસુખ માંડવિયાએ જાહેરાત કરી છે કે હવે કર્મચારીઓ સીધા ATMમાંથી તેમના ભવિષ્ય નિધિના પૈસા ઉપાડી શકશે. આ સાથે જ, UPI એટલે કે PhonePe, Google Pay, Paytm અને BHIM જેવી લોકપ્રિય એપ્સ દ્વારા પણ પીએફ ઉપાડવાની સુવિધા ઉપલબ્ધ થશે.

હાલમાં પીએફ ઉપાડવા માટે લાંબી પ્રક્રિયાઓ અને ઓફિસની મુલાકાતો લેવી પડે છે, સાથે જ એમ્પ્લોયરની મંજૂરીની પણ જરૂર પડે છે. પરંતુ હવે આ નવી સુવિધા બાદ પીએફ ઉપાડવું એટલું જ સરળ બની જશે જેટલું બેંકમાંથી પૈસા ઉપાડવા.

EPFO તેની સિસ્ટમને અપગ્રેડ કરી રહ્યું છે, જેનાથી કર્મચારીઓ પોતાની જરૂરિયાત મુજબ ગમે ત્યારે ATMમાંથી પૈસા કાઢી શકશે. મંત્રી માંડવિયાએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, આ કર્મચારીઓના પોતાના પૈસા છે અને તેઓ જ્યારે ઈચ્છે ત્યારે તેને ઉપાડી શકવા જોઈએ.

EPFO દ્વારા શરૂ કરવામાં આવનારી આ નવી સુવિધા હેઠળ, દરેક કર્મચારીનું પીએફ એકાઉન્ટ અઝખ-સપોર્ટેડ સિસ્ટમ સાથે લિંક કરવામાં આવશે. પૈસા ઉપાડવા માટે, કર્મચારીઓએ પોતાના યુનિવર્સલ એકાઉન્ટ નંબર (UAN) અથવા લિંક કરેલા બેંક એકાઉન્ટ દ્વારા ઓળખ ચકાસવી પડશે. સુરક્ષાને ધ્યાનમાં રાખીને OTP વેરિફિકેશન જેવી મલ્ટી-ફેક્ટર ઓથેન્ટિકેશન પ્રક્રિયા પણ અમલમાં મૂકવામાં આવશે.

ATMની સાથે સાથે EPFO યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI ) દ્વારા પણ પીએફ ઉપાડવાની સુવિધા આપવા માટે તૈયાર છે. આનો સીધો અર્થ એ છે કે હવે કર્મચારીઓ PhonePe, Google Pay, Paytm અને BHIM જેવી એપ્સનો ઉપયોગ કરીને ગણતરીની સેકન્ડોમાં પોતાના પીએફના પૈસા ટ્રાન્સફર કરી શકશે. હાલમાં NEFT અથવા RTGS દ્વારા પીએફ ઉપાડવામાં ૨-૩ દિવસનો સમય



લાગે છે, જે UPI દ્વારા તુરંત જ થઈ જશે. EPFO પોતાના ગ્રાહકો માટે ટૂંક સમયમાં એક વિશેષ ઙ્ગ્ઋ અઝખ કાર્ડ પણ લાવશે. આ કાર્ડની મદદથી કર્મચારીઓ કોઈપણ અઝખ પરથી પોતાના પીએફ ખાતામાંથી પૈસા ઉપાડી શકશે.

જો કે, આ સુવિધા ક્યા ATM નેટવર્ક પર ઉપલબ્ધ થશે તેની માહિતી હજુ જાહેર કરવામાં આવી નથી. પરંતુ EPFO એ ખાતરી આપી છે કે આ પ્રક્રિયાને સરળ અને ઉપયોગમાં આસાન બનાવવામાં આવશે.

# IPLની તમામ ૧૦ ટીમોના કેપ્ટન જાહેર કરાયા

**મુખ્ય સમાચાર,મુંબઈ**



દુનિયાની સૌથી સફળ અને રોમાંચક ક્રિકેટ ટુર્નામેન્ટ આઈપીએલની નવી સીઝન શરૂ થવામાં એક સપ્તાહનો સમય બાકી રહ્યો છે ત્યારે તમામ ૧૦ ટીમો દ્વારા કેપ્ટન જાહેર કરી દેવામાં આવ્યા છે અને તેને આધારે દરેક ટીમો દ્વારા રણનીતિ ઘડવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે. ૧૦ માંથી પાંચ આઈપીએલ ટીમો દ્વારા કેપ્ટન બદલવામાં આવ્યા છે.

૨૨ મી માર્ચથી આઈપીએલની ધમાકેદાર શરૂઆત થવાની છે ચેમ્પીયન બનવાના ટારગેટ સાથે બન્ને ટીમો દ્વારા તૈયારી પણ શરૂ કરી દેવામાં આવી છે. તમામ ૧૦ ટીમોના કેપ્ટન જાહેર કરી દેવાયા છે.સૌથી છેલ્લે દિલ્હી કેપીટલ્સ દ્વારા કેપ્ટન તરીકે અક્ષર પટેલના નામનું એલાન કર્યુ હતું ૧૦ માંથી ૫ ટીમોના કેપ્ટન બદલાયા છે.દિલ્હીમાં અક્ષર પટેલ લખનૌમાં ઋષભ પંત, બેંગ્લોરમાં રજત પાટીદાર, પંજાબમાં શ્રેયર ઐય્યર તથા કોલકતાની ટીમમાં અજીંકય રહાણે હશે. દિલ્હી કેપીટલ્સનું સુકાન અક્ષરને સોંપાયુ છે તે ટીમનો ૧૪ મો કેપ્ટન બન્યો છે. તમામ ટીમનાં કેપ્ટન પર નજર નાખવામાં આવે તો સૌથી વધુ વખત પંજાબની ટીમે કમાન બદલાવ્યા છે. પંજાબની ટીમમાં અત્યાર સુધીમાં ૧૭ ખેલાડીઓએ કેપ્ટનશીપ કરી છે જે આઈપીએલ ઈતિહાસનો રેકોર્ડ છે.

આ સિવાય દિલ્હીમાંથી ૧૪, હૈદરાબાદના ૧૦, મુંબઈનાં ૯, કોલકતા-બેંગ્લોરનાં ૮-૮, રાજસ્થાનનાં ૬, ચેન્નાઈ-લખનૌનાં ૪-૪ તથા ગુજરાતમાંથી ત્રણ ખેલાડીઓએ કેપ્ટનશીપની જવાબદારી સંભાળી છે.

# ૧૪ લાખ કરોડથી વધુની આવકવેરા વસુલાત બાકી

## ટોચના ૫૦૦૦ કેસોને અલગ તારવીને તેની ડેટાબેન્ક બનાવાઈ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

કેન્દ્ર સરકારે આ નાણાકીય વર્ષના આવકવેરા સહિતના ટેક્ષ વસુલ કરવાના લક્ષ્યાંક પાર પડશે તે નિશ્ચિત બન્યા બાદ હવે વિવિધ અદાલતો આવકવેરા ટ્રીબ્યુનલ સહિતના સ્તરે જે ટેક્ષ વસુલાતના કેસ પેન્ડીંગ છે તેમાં રૂા.૧૪ લાખ કરોડથી વધુની વસુલાત માટે હવે તૈયારી કરી છે.

જેમાં ટોચના ૫૦૦૦ કેસોને અલગ તારવીને તેની ડેટાબેન્ક બનાવાઈ છે અને તેમાં હવે રીકવરી માટે ખાસ અધિકારીઓ પણ નિયુક્ત કરવામાં આવશે તથા આ પ્રકારે એકથી વધુ પ્રકારના કરવેરામાં જે બાકીદાર હોય તેઓનો ડેટા પણ એક સાથે કરવામાં આવી રહ્યા છે જેની તમામ વેરાની એક સાથે વસુલાત કરી શકાશે.

આ માટે ડેટા ફાયનાન્સીયલ યુનિટને ખાસ જવાબદારી સોપવામાં આવી છે. ફકત ૨૦૨૧ સુધીનાજ આંકડામાં રૂા.૧૪ લાખ કરોડની વસુલાત બાકી છે. નાણામંત્રાલય ખુદ સંસદમાં આપવામાં આવેલી માહિતી મુજબ આ રકમ રૂા.૧૪,૪૧,૨૫૫ કરોડ થવા જાય છે અને આ રીતે વર્ષ દરમ્યાન જે સીધા કરવેરાની આવક છે તેની લગભગ નજીકની રકમ લાંબા સમયથી રીકવરીમાં ખેચાઈ રહી છે.

ગત વર્ષે સરકારને ડાયરેકટ ટેક્ષમાં રૂા.૧૮ લાખ કરોડની આવક થઈ છે.



સરકારે હવે આ પ્રકારે બાકી વસુલાતમાં ડિમાન્ડ ફેસીલિટેશન સેન્ટરની સ્થાપના કરી છે તો જીએસટી વિભાગની બાકી રકમ રૂા.૨.૨૬ લાખ કરોડની થઈ છે. સરકારના જવાબ મુજબ જેઓ પાસે મોટી વસુલાત બાકી છે.

તેમાં મોટાભાગના કરદાતાઓના જે એકાઉન્ટ એટેચ કરાયા છે તેમાં આ પ્રકારે વસુલાત કરી શકાય તેવી રકમ પણ જમા નથી તથા તેમના ધંધાકીય નામ-સરનામા પણ હવે બદલાઈ ગયા છે જેથી તેમના આધાર-મોબાઈલ ડેટાના આધારે પણ તેમને શોધીન પછી તેમની પાસેથી વસુલાત કરાશે.

# અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ ૧૯ માર્ચે પૃથ્વી પર પાછા ફરશે

## એલોન મસ્કનું રોકેટ ઉડાન ભરવા તૈયાર : ૯ મહિને ધરતી પર વાપસી થશે

**મુખ્ય સમાચાર,વોશિંગ્ટન**

ભારતીય મૂળના અમેરિકન અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ ચાર દિવસ પછી, એટલે કે ૧૯ માર્ચે આંતરરાષ્ટ્રીય અવકાશ મથક (ઈજ્જ) થી પૃથ્વી પર પાછા ફરશે. લાંબી રાહ જોયા પછી, એલોન મસ્કની અવકાશ એજન્સી સ્પેસએક્સના રોકેટ ફાલ્કન ૯ ને શુક્રવારે ભારતીય સમય મુજબ સાંજે ૪:૩૦ વાગ્યે લોન્ચ કરવામાં આવ્યું.

યુએસ સ્પેસ એજન્સી નાસાએ તેને ફ્લોરિડાના કેનેડી સ્પેસ સેન્ટરથી લોન્ચ કર્યું. આમાં, ક્રૂ ડ્રેગન કેપ્સ્યુલ સાથે જોડાયેલ ચાર સભ્યોની ટીમ ઈજ્જ માટે રવાના થઈ. આ મિશનને ક્રૂ-૧૦ નામ આપવામાં આવ્યું છે.

સુનિતા અને તેના સાથી બૂચ વિલ્મોર નવ મહિનાથી ઈજ્જ પર ફસાયેલા છે. તેમના અવકાશયાનમાં ટેકનિકલ ખામી હતી, જેના કારણે તેમનું સમયસર પરત ફરવું શક્ય નહોતું.

નવા ક્રૂમાં ગઅજઅના એન મેકક્લેન અને નિકોલ આયર્સ, જાપાની અવકાશ એજન્સી ઉંઅડઅના ટાકુયા ઓનિશી અને રશિયન અવકાશ એજન્સી રોસકોસ્મોસના અવકાશયાત્રી કિરિલ પેસ્કોવનો સમાવેશ થાય છે. આ ચાર અવકાશયાત્રીઓ ઈજ્જ પહોંચશે અને સુનિતા વિલિયમ્સ, બુચ વિલ્મોર અને ક્રૂ-૯ ના બે અન્ય સભ્યોનું સ્થાન લેશે.

ક્રૂ-૧૦નું અવકાશયાન ૧૫ માર્ચે ઈજ્જ પર ડોક કરશે, જ્યાં તેઓ થોડા



દિવસોના ગોઠવણો પછી ફરી કામગીરી શરૂ કરશે. આ પછી, ક્રૂ-૯ મિશન ૧૯ માર્ચ પછી ગમે ત્યારે પરત ફરશે.

સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોરે બોઈંગના સ્ટારલાઈનર અવકાશયાનમાં મુસાફરી કરી હતી. આ મિશન ફક્ત ૮ દિવસનું હતું, પરંતુ ટેકનિકલ ખામીઓને કારણે તેને ૯ મહિના સુધી અવકાશમાં રહેવું પડ્યું. જોકે, સ્ટારલાઈનર અવકાશયાન પાછળથી ખાલી પાછું ફર્યું, કોઈ મોટી વધારાની સમસ્યાઓ વિના. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સ્પેસએક્સના સીઈઓ એલોન મસ્કને અવકાશમાં ફસાયેલા સુનિતા વિલિયમ્સ અને તેમના સાથીદાર બુચ વિલ્મોરને પાછા લાવવાનું કામ સોંપ્યું છે.

# યોગ ગુરુ બાબા રામદેવનો વીમા ક્ષેત્રમાં પ્રવેશ

## પતંજલિ આયુર્વેદ અને ધરમપાલ સત્યપાલ ગ્રુપ મેગ્મા જનરલ ઈન્સ્યોરન્સ વચ્ચે થયા કરાર

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

યોગ ગુરુ બાબા રામદેવ વીમા ક્ષેત્રમાં પ્રવેશ કરવા જઈ રહ્યા છે. ધરમપાલ સત્યપાલ ગ્રુપ (ઉજ ગ્રુપ), જે પતંજલિ આયુર્વેદ અને રજનીગંધા બ્રાન્ડની માલિકી ધરાવે છે, તેની આગેવાની હેઠળ, સનોતી પ્રોપર્ટીઝ કકડ પાસેથી મેગ્મા જનરલ ઈન્સ્યોરન્સ હસ્તગત કરશે.

વીમા કંપનીનું આ સંપાદન રૂ. ૪,૫૦૦ કરોડના મૂલ્યાંકન પર કરવામાં આવશે. કંપનીએ ગુરુવારે શેરબજારોને આ એક્વિઝિશન ડીલ વિશે માહિતી આપી હતી. મેગ્મા જનરલ ઈન્સ્યોરન્સ અદાર પૂનાવાલા અને રાઈઝિંગ સન હોલ્ડિંગ્સની માલિકીની છે.



કંપનીના નિવેદન અનુસાર,સનોતી પ્રોપર્ટીઝે તેની વીમા પેટાકંપની મેગ્મા જનરલ ઈન્સ્યોરન્સ (અગાઉની મેગ્મા એચડીઆઈ જનરલ ઈન્સ્યોરન્સ કંપની)ને સેલિકા ડેવલપર્સ અને જગુઆર એડવાઈઝરી સર્વિસીસને પતંજલિ આયુર્વેદ અને ડીએસ ગ્રુપ સાથેના શેર ખરીદી કરાર અનુસાર વેચવાની મંજૂરી આપી છે.

કંપનીએ જણાવ્યું હતું કે, આ સોદો રૂ. ૪,૫૦૦ કરોડના મૂલ્યમાં છે, જે નિયમનકારી મંજૂરીઓને આધીન છે.

# યુદ્ધ વિરામની શરતો અમેરિકા કે યુક્રેન નહી અમો નકકી કરીશું : પુટીન

## 30 દિવસમાં યુક્રેન ફરી શસ્ત્ર સજજ નહી કરે તેની ખાતરી કોણ આપશે! કોણે કયારે યુદ્ધ વિરામ ભંગ કર્યો તે કોણ નકકી કરશે! પ્રશ્નોની યાદી રજુ કરી

**મુખ્ય સમાચાર,મોસ્કો**


યુક્રેન અને રશિયા વચ્ચેના યુદ્ધમાં હાલ ૩૦ દિવસના યુદ્ધવિરામની અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની દરખાસ્તને યુક્રેને તો તાત્કાલીક સ્વીકારી છે પણ રશિયાના પ્રમુખ વ્લાદીમીર પુટીને સ્પષ્ટ કર્યુ છે કે યુદ્ધ વિરામની શરતો અમેરિકા કે યુક્રેન નહી અમો નકકી કરશું તથા તે સમયે અનેક શરતો સાથે યુદ્ધ વિરામની તૈયારી દર્શાવી છે.

જો કે અમેરિકાએ રશિયા પર દબાણ વધારવા બેન્કીંગ સહિતના કેટલાક પ્રતિબંધો લાદયા છે. જેમાં ઓઈલ-ગેસનો પણ સમાવેશ થાય છે. રશિયા સાથે સમાધાનની વાતચીત કરવા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ખાસ દૂત સ્ટીવ વિટ્ટકોફ મોસ્કો પહોંચ્યા છે.

બીજી તરફ રણમેદાનમાં રશિયા અને યુક્રેન વચ્ચે ડ્રોન હુમલો ચાલુ જ છે. બીજી તરફ અમેરિકી દરખાસ્ત અંગે પ્રતિભાવ આપતા શ્રી પુટીને કહ્યું કે વિચાર સામે છે અમો તેને ટેકો આપીએ છીએ પણ અનેક પ્રશ્નો છે જે હજુ ચર્ચાની જરૂર છે જે કંઈ યુદ્ધ વિરામ થાય તે શાંતિના હેતુ માટે અને કટોકટીનુ જે મૂળ છે. તેને ઉકેલ લાવવો જરૂરી છે.

અમો આ અંગે અમેરિકી સરકાર સાથે વાતચીત કરશુ અને સંભવ હું પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ફોન પર વાતચીત કરીશ. મહત્વની બાબતમાં યુક્રેને રશિયાનાજ કૃષ્ક એરીયા પર અંકુશ કર્યા છે તે ખાલી કરે તેવું પુટીન ઈચ્છે છે.

પુટીને દાવો કર્યો કે આ ક્ષેત્રમાં યુક્રેનની સેનાને અલગ અલગ પાડી દેવામાં આવી છે અને હવે તે દળો સંરક્ષણાત્મક સ્થિતિમાં છે. શ્રી પુટીને પ્રશ્ન પૂછયો કે આ ૩૦ દિવસના યુદ્ધ વિરામના સમયનો ઉપયોગ શું કરાશે? શું યુક્રેનને ફરી શસ્ત્ર સજજ કરાશે! લોકોને સૈન્ય તાલીમ અપાશે! કોણ તે અંકુશ રાખશે! અને ૨૦૦૦ કી.મી.ના ક્ષેત્રમાં કોણે યુદ્ધ વિરામનો ભંગ કર્યો તે કોણ નકકી કરશે! પુટીને કહ્યું કે હું



સીધી ના પાડતો નથી પણ મારે સ્પષ્ટતા જોઈએ છીએ.

રશિયા ઈચ્છે છે કે યુદ્ધ વિરામના સમયગાળામાં યુક્રેનને બહારથી ફરી શસ્ત્રો મળવા જોઈએ નહી. નહીતર ૩૦ દિવસ પછી તેઓ ફરી યુદ્ધ શરૂ કરી દેશે તો બીજી તરફ યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેસ્કીએ કહ્યું કે અમેરિકાના ડરથી પુટીન સીધુ કહેતા નથી કે તેઓ યુદ્ધ વિરામ કરવા માંગતા નથી પણ તેઓ ખરેખર યુદ્ધ ચાલુ રાખવા માંગે છે.

# વ્યાજખોરે વૃદ્ધને વ્યાજે નાણા આપી મકાન પચાવી પાડતા પોલીસે કાયદો શીખવ્યો

## ફાયનાન્સરે વેચાણ કરાર અને ભાડા કરાર રદ્દ કર્યોઃ વૃદ્ધ અને પરિવારજનોએ પોલીસનો આભર માન્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

અમદાવાદ શહેરના વટવા પોલીસ સ્ટેશનની હદમાં હરિ સ્મૃતિ ટેનામેન્ટ, સ્મૃતિ મંદિર, ઘોડાસર, વટવા ખાતે પરિવાર સાથે રહેતા અને નિવૃત્ત જીવન ગુજારતા સિનિયર સિટીઝન વેપારી ભરતભાઈ પટેલ ઉવ. ૮૫ પોતાના માલિકીના મકાનમાં રહેતા હોય, પોતાના દીકરા મિતેષને ગેરેજના ધંધા માટે તથા પોતાની પત્નીની બીમારી સબબ રૂપિયાની જરૂરત પડતા, વસ્ત્રાલ વિસ્તારમાં, ૨૦૦ ફૂટ રિંગ રોડ, વસ્ત્રાલ ખાતે દાદા ફાઈનાન્સ કોર્પોરેશનના નામે ફાઈનાન્સનો વ્યવસાય કરતા અશ્વિન નાનજીભાઈ પટેલ પાસેથી આઠ લાખ રૂપિયા વ્યાજે લીધેલ હતા અને પોતાનો દીકરો, આ મકાન પોતાની મા ના નામે હોઈ, તેને સાથે સહી કરવા લઈ ગયેલ હતો. ફાઈનાન્સર અશ્વિન પટેલ દ્વારા મકાનનું વેચાણ કરાર અને ભાડા કરાર કરાવી લઈ, આશરે સાડા ચાર લાખ રૂપિયા વ્યાજ લીધું હતું. થોડા સમયથી વ્યાજ ભરપાઈ નહીં કરી શકતા અને પોતાની પત્ની મરણ જતા, ફાઈનાન્સર દ્વારા પચાસ લાખ રૂપિયા જેટલી માતબર રકમના પોતાના માલિકીના મકાનનો કબજો લેવા નોટિસ આપવામાં આવતા, સિનિયર સિટીઝન નાં પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. જેથી તેઓએ ફાઈનાન્સરને બાકીના રૂપિયા આપી દઈ, મકાનના વેચાણ કરાર અને ભાડા કરાર રદ કરવા વિનંતી કરતા, તમારે જ્યાં જવું હોય ત્યાં જાવ, જે મકાનની હાલની કિંમત આશરે પચાસ લાખ રૂપિયા હોઈ, ફાઈનાન્સર દ્વારા સસ્તામાં મકાન પડાવી લેવા પેરવી કરવામાં આવતી હોઈ , સિનિયર સિટીઝન અને તેના શેઠ પણ ચોંકી ગયા હતા અને અમદાવાદ શહેરના જે ડિવિઝન એસીપી પ્રદીપસિંહ જાડેજાનો સંપર્ક કરી, વિગત જણાવતા, તેઓની લેખિતમાં રજૂઆત લઈ, વટવા પીઆઈ પી.બી.ઝાલા ને તપાસ સોંપવામાં આવેલ હતી.



બનાવ રામોલ વિસ્તારનો હોવા છતાં, હદના વિવાદમાં પડ્યા વગર, અમદાવાદ શહેરના જે ડિવિઝન એસીપી પ્રદીપસિંહ જાડેજાનાં માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશનના પીઆઈ પી.બી.ઝાલા, પીએસઆઈ અશ્વિન ગંધા તથા સ્ટાફના હે.કો. યુવરાજસિંહ, જગદીશસિંહ, સહિતની ટીમ દ્વારા વટવા ખાતે ફાઈનાન્સર અશ્વિન નાનજીભાઈ પટેલ રહે. રામોલ, અમદાવાદને બોલાવી, ફાઈલ બાબતે પૂછતા, ગલ્લાતલ્લા કરવા લાગતા, પોલીસની ભાષામાં સમજાવતા અને બળ જબરીથી કઢાવી લેવા બાબત તથા લેન્ડ ગ્રેબિંગ મુજબ કાર્યવાહી કરી, ગુન્હો નોંધવાની તૈયારી કરતા, અશ્વિન પટેલ દ્વારા ફટાફટ ફાઈલ રજૂ કરી, રૂપિયાની લેતીદેતી પૂરી થતા, વેચાણ કરાર અને ભાડા કરાર રદ કરી દેવા તૈયારી બતાવવામાં આવી હતી. ત્યારબાદ ફાઈનાન્સર દ્વારા બાકીના રૂપિયા પરત આપતા, અરજદારની



દીકરીના નામે વેચાણ કરાર કરી દેવામાં આવતા, સિનિયર સિટીઝન ભરતભાઈ દ્વારા હાશકારો અનુભવેલ હતો. સિનિયર સિટીઝન અરજદાર મોટી ઉંમરના હોઈ, ફાઈનાન્સર અશ્વિન પટેલ દ્વારા વેચાણ કરાર અને ભાડા કરાર આધારે જમીન પચાવી પાડવામાં આવશે, એવા ડરમાં આવી ગયેલ હોઈ, વટવા પોલીસ દ્વારા તેઓના મકાનનો પ્રશ્ન સોલ્વ કરી આપતા, સિનિયર સિટીઝન ભરતભાઈ પટેલ તથા તેઓનો દીકરો મિતેષ ભાવ વિભોર થઈ ગયેલ હતા અને પોલીસનો આભાર વ્યકત કરી, પોલીસ આવી પણ હોય છે .!! એવો ભાવ રજૂ કરી, ગદગદિત થઈ ગયેલ હતા. પોતે સિનિયર સિટીઝન હોઈ, બહાર નીકળી શકતા નાં હોય અને પોતાને મકાનના વેચાણ કરાર અને ભાડા કરાર રદ કરી, પોતાની ફાઈલ મળી જતા, કામ થઈ જતા ફરિયાદ કરવાનું ટાળેલ હતું.

# આવાસ મેલડી મંડળ દ્વારા આયોજિત પ્રથમ સમુહલગ્નમાં ૫ યુગલો લગ્નગ્રંથીથી જોડાશે

■ **કન્યાઓને કરીયાવરમાં સોના ચાંદી આભૂષણો સહિત ૧૧૧ ચીજવસ્તુઓ ભેટ અપાશે**

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી શ્રી આવાસની મેલડી મંડળ દ્વારા માં-બાપ વિહોણી તથા નિરાધાર દિકરીઓ માટે પ્રથમ સમૂહલગ્નનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ સમૂહલગ્ન ફાગણ વદ-૨, ૧૬ માર્ચ ૨૦૨૫, રવિવારના રોજ યોજાશે, જેમાં ૫ યુગલો લગ્નગ્રંથીથી જોડાશે.

શહેરના દલવાડી સર્કલ નજીક પ્રધાનમંત્રી આવાસ યોજના સોસાયટીના ગ્રાઉન્ડમાં યોજાનાર આ સમૂહલગ્નમાં દિકરીઓને દાતાઓના સહયોગથી કરીયાવરમાં સોના-ચાંદીના આભૂષણો તથા જીવન જરૂરિયાતની વસ્તુઓ સહિત ૧૧૧ વિવિધ ચીજવસ્તુઓની ભેટ આપવામાં આવશે.

આ સમૂહલગ્નમાં સંતો-મહંતો, રાજકીય તથા સામાજિક આગેવાનો ઉપસ્થિત રહી દંપતિઓને આશીર્વાદ પાઠવશે. આ પવિત્ર કાર્યને સફળ બનાવવા ભુવા પ્રદીપભાઈ ચાવડા, ડો. ગણેશ નકુમ, મનસુખભાઈ સોનગ્રા તેમજ શ્રી આવાસની મેલડી યુવા ગ્રુપના કાર્યકરો જહેમત ઉઠાવી રહ્યા છે.

# ગુજરાતના રેગિંગની ઘટના બનતી અટકાવવા એનએસયુઆઈએ શિક્ષણમંત્રી કરી રજૂઆત

## આવા કિસ્સાઓમાં મેનેજમેન્ટને ગુનેગાર ગણી પગલા લેવા માંગણી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

દિવસેને દિવસે ગુજરાતના શિક્ષણ જગતને શર્મનાક કરે તેવી રેગિંગની ઘટના બનતી અટકાવવા એનએસયુઆઈએ આવેદનપત્ર આપી શિક્ષણમંત્રીને રજુઆત કરી છે.

દિવસે ને દિવસે ગુજરાતના શિક્ષણ જગતને કલંકિત કરે તેવા રેગિંગની ઘટનાઓ સામે આવે છે. સ્કુલના વિદ્યાર્થીઓને રેગિંગના કિસ્સા હોય કે મેડીકલના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવતું રેગિંગ હોય આ ઘટનાઓ સમગ્ર શિક્ષણ જગત અને માનવ જગતમાં એક ચિંતાનો આપણા સૌ માટેનો વિષય છે.

હાલના સમયમાં જ ત્રણ જેટલા કિસ્સાઓ સામે આવ્યા જેમાં ખાસ ધંધુકાની સ્કુલની રેગિંગની ઘટના હોય કે ભાવનગર મેડિકલ કોલેજની ઘટના હોય કે રાજકોટની એસઓએસ સ્કુલની રેગિંગની ઘટનાઓ આ ખૂબ જ ચિંતાજનક વિશે છે.

ખાસ તો અમારો આક્ષેપ છે કે, આ ઘટનાઓ કયાંકને કયાંક મેનેજમેન્ટ દ્વારા રાખવામાં ન આવતી કાળજી અને ખાનગી શિક્ષણ સાથે જોડાયેલી સંસ્થાઓ માત્ર ને માત્ર ફી સાથે જ લેવાદેવા હોય તે માત્ર ને માત્ર ફી ઉપર જ ધ્યાન આપવામાં આવે છે.

લાખો રૂપિયા ઉઘરાવતી સ્કુલો કોલેજોની જવાબદારી હોય છે કે તેઓ પોતાની સંસ્થામાં કોઈપણ વિદ્યાર્થીઓ જોડે રેગિંગ અથવા તો કોઈપણ




પ્રકારની ઘટના ન બને તે માટે મેનેજમેન્ટ જવાબદારી હોય છે.

મેનેજમેન્ટની ના કામયાબીના હિસાબે આવા રેગિંગના બનાવો બને છે જેથી અમારું માનવું છે કે જેટલા આ બનાવમાં વિદ્યાર્થી ગુનેગાર છે એટલું જ મેનેજમેન્ટ પણ ગુનેગાર છે.

અમે સરકાર પાસે માંગ કરીએ છીએ કે આવા કિસ્સાઓ હવે ના બને તે માટે ખાસ કાળજી રાખવી જોઈએ અને આ સમગ્ર બનાવોમાં કડકથી કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ એનએસયુઆઈ પ્રેસીડેન્ટ નરેન્દ્ર સોલંકીએ ઉઠાવી છે.

# બગોદરા હાઈવે પર ડી.જે. ભરેલી આઈસર પલટી જતા રાજકોટનાં બે યુવકોનાં મોત

## મૃતક જંગલેશ્વર અને પોપટપરાનાં રહેવાસી હતાઃ આઈસરનાં ચાલક સહિત બે ઘાયલ

**મુખ્ય સમાચાર,વઢવાણ**

બગોદરા હાઈવે અકસ્માતો માટે જાણે કે કુરખ્યાત બની ગયો હોય તે રીતે રોજબરોજ અકસ્માતો ની ઘટનાઓ સામે આવતી હોય છે અને અકસ્માતોમાં માનવીની અમૂલ્ય જિંદગીઓ પણ ખુમાર થતી અવારનવાર સામે આવે છે ત્યારે રાજકોટ થી ડીજે વગાડવા માટે દાહોદ જઈ રહેલા વ્યક્તિઓની આઈસર અને અકસ્માત થતા જેમાં બે વ્યક્તિઓને ઈજા થવા પામી હતી અને રાજકોટના બે વ્યક્તિઓના ઘટના સ્થળ ઉપર કમ કમાટી ભર્યા મોત નીપજયાનું સામે આવ્યું હતું.

જાણવા મળતી વિગતો અનુસાર બગોદરા હાઈવે ઉપર ગાંગડ ગામ નજીક એક ડીજે ભરેલી આઈસર રાજકોટ થી દાહોદ ઓર્ડરમાં જવા નીકળે છે જેમાં ડાઈવર સહિત કુલ ચાર લોકો હતા આઈસર ગાંગડ પાસે પલટી મારી જતા તેમાં સવાર શાહિદભાઈ ઈકબાલભાઈ ડોસા ની ઉંમર વર્ષ ૧૯ રહેવાસી જંગલેશ્વર રાજકોટ તેમ જ નરસિંહભાઈ પોપટભાઈ બાવરીયા ઉંમર વર્ષ ૫૫ રહેવાસી સેન્ટ્રલ જેલ પાછળ પોપટ પરા રાજકોટ વાડાના બંનેના ઘટના સ્થળે કમ કમાટી ભર્યા મોત નીપજ્યા હતા.

જ્યારે ગાડીનો ચાલક મોહસીનભાઈ શાહ નવાજ સાદમદાર ઉંમર વર્ષ ૨૫ રહેવાસી સેન્ટ્રલ જેલ પાછળ રાજકોટ તથા કેવલ મુકુંદભાઈ કોબીયા ઉંમર વર્ષ ૩૧ રહેવાસી ગોપાલ નગર રાજકોટ બંનેને સામાન્ય થતા સારવાર માટે સાર્વજનિક હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.



બગોદરા પોલીસને આ ઘટનાની જાણ મળતાની સાથે ઘટના સ્થળ ઉપર પહોંચી અને ટ્રાફિક કરાવી મૃતોના મૃતદેહના કબજો લઈ બગોદરા આરોગ્ય કેન્દ્રમાં પીએમ માટે મોકલી આપી અને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું હાલમાં જાણવા મળી રહ્યું છે.

# કાલાવડથી રવેશિયા તરફ જતી કારમાં અચાનક આગ ભભૂકી



જામનગર કાલાવડથી રવેશિયા તરફ જતી કારમાં અચાનક આગ ભભૂકી.જામનગર જિલ્લાના કાલાવડ તાલુકામાં એક ગંભીર બનાવ સામે આવ્યો છે. રવેશિયા ગામ પાસે એક કારખાનેદારની મોટરકારમાં અચાનક આગ લાગી હતી.કાલાવડથી રવેશિયા તરફ જતી કારમાં અચાનક આગ ભભૂકી ઊઠી હતી. આગની જાણ થતાં જ રવેશિયા ગામના લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. સ્થાનિક લોકોએ તરત જ કાલાવડ ફાયર બ્રિગેડને જાણ કરી હતી.ફાયર બ્રિગેડની ટીમે ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, ત્યાં સુધીમાં કાર સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ હતી. આ ઘટનામાં સદનસીબે કારમાં સવાર તમામ વ્યક્તિઓનો આબાદ બચાવ થયો હતો.ફાયર બ્રિગેડ અને ગ્રામજનોની સતર્કતા અને ત્વરિત કાર્યવાહીને કારણે મોટી દુર્ઘટના ટળી હતી. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણવા મળ્યું નથી.

# મોરબીમાં સ્વામિનારાયણ સંસ્કારધામ મંદિર નો રજતજયંતિ મહોત્સવ ધામધૂમથી ઉજવાયો

## ૧૦૦૮ પોથીયાત્રા, ૩૫૦૦ વાનગીનો અન્નકૂટદર્શન,શ્રીમદ્દ સત્સંગીજીવન કથા,યજ્ઞ,ધૂન,સહિત કાર્યક્રમો યોજાયા

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ મંદિર નો રજતજયંતિ મહોત્સવ ૫ પૂ સદગુરુ શ્રી પ્રેમ પ્રકાશદાસજી સ્વામી ની પ્રેરક ઉપસ્થિતિ માં ધામધૂમ ભક્તિભાવ થી તા ૬ થી૧૨ માર્ચ ઉજવાયો જેમાં ૧૦૦૮ ભવ્ય પોથીયાત્રા વક્તા ૫ પૂ શાસ્ત્રી શ્રી જગતપ્રકાશ દાસજી સ્વામી,૫ પૂ પુરાણી શ્રી દિવ્યપ્રકાસદાસજી સ્વામી ની સુંદર વાણી માં શ્રીમદ્દ સત્સંગીજીવન કથા યોજાઈ,૩૫૦૦ વાનગી, વિશાળ અન્નકૂટ દર્શન,શ્રી હરિયાગ યજ્ઞ, મહામંત્ર ધૂન, શાકોત્સવ,પૂજનવિધિ, મેડિકલ ,રક્તદાન કેમ્પ,સહિત કાર્યક્રમો રંગેચંગે ધામધૂમથી ઉજવાયા હતા.જેનો દરરોજ હજારો ની સંખ્યા માં ભક્તો એ લાભ લીધો હતો આ મહોત્સવ માં ૫ પૂ સદગુરુ શ્રી ઓ દેવપ્રકાશ સ્વામી (વડતાલ),પ્રેમસ્વરૂપદાસજી સ્વામી (જૂનાગઢ) શ્રી નારાયણ સ્વરૂપદાસજી સ્વામી (ધ્રાંગધ્રા) શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી (જામનગર) સત્સંગજીવનદાસજી સ્વામી (વસ્તડીધામ) ચેતન્યપ્રિયદાસજી સ્વામી સતાધાર અમદાવાદ,શ્રી રામકૃષ્ણદાસજી સ્વામી (ધ્રાંગધ્રા) શ્રી શાસ્ત્રી સત્યપ્રકાશદાસજી સ્વામી (રામેશ્વર) બાલમુકુંદ સ્વામી (સરધાર) માધવપ્રિયદાસજી સ્વામી (વસ્તડીધામ) સહિત સંતો મહંતો ઉપસ્થિત રહી ભાવિકો ને




આશીર્વચન પાઠવ્યા હતા.આ મહોત્સવ ને સફળ બનાવવા સંસ્કારધામ મંદિર ના સંતો મહંતો ટ્રસ્ટીમંડળ ને યુવા ટીમ મહિલા મંડળ સહિત એ ભારે જહેમત ઉઠાવી હતી

# ટંકારાના લજાઈ ગામે કોમ્પ્લેક્ષની છત ઉપર સંતાડી રાખેલ વિદેશી દારૂની ૧૯૨ બોટલ ઝડપાઈ,આરોપી ફરાર

ટંકારા પોલીસ ટીમના વધુ એક દરોડામાં લજાઈ ગામથી ભરડીયા રોડ ઉપર આવેલ કોમ્પ્લેક્ષની છત ઉપર સંતાડી રાખેલ વિદેશી દારૂની નાની-મોટી ૧૯૨ નંગ બોટલ કબ્જે લેવામાં આવી છે, દરોડા દરમિયાન આરોપી સ્થળ ઉપર હાજર નહીં મળી આવતા તેને ફરાર દર્શાવી તેની વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી, આરોપીને પકડી લેવા ચક્રો ગતિમાન કર્યા છે. મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠીએ આગામી હોળી, ધુળેટીના તહેવાર અનુસંધાને ગેરકાયદેસરની પ્રવૃતિ નેસ્તનામુદ કરવા તેમજ ઈંગ્લીશ દારૂ, હથિયાર ધારાના કેશો શોધી કાઢવા માટે સ્પેશ્યલ ડ્રાઈવનુ આયોજન કરી અસરકારક કામગીરી કરવા સૂચના કરી હોય, જે અનુસંધાને ટંકારા પોલીસ મથક પીઆઇ કે.એમ.છાસીયાની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ ટંકારા પોલીસની સર્વેલન્સ ટીમ હોળી ધુળેટીના તહેવાર નિમિતે પેટ્રોલીંગમા હતા, તે દરમ્યાન એએસઆઈ ભાવેશભાઈ વરમોરા તથા કોન્સ. તેજાભાઈ ગરચરને સંયુક્તમાં ખાનગીરાહે ચોકક હકિકત મળેલ કે, ચંદ્રસિંહ ઉર્ફે કાળુભા ઝાલા રહે.લજાઇ ગામ વાળાએ લજાઇથી ભરડીયા રોડ સાર્થક પોલીપ્લાસ્ટ કારખાનાની બાજુમાં આવેલ મા પાર્વતી હોટલ લખેલ તથા પાંચ દુકાન વાળા કોમ્પ્લેક્ષની છત ઉપર ઇંગ્લીશ દારૂનો જથ્થો સંતાડી રાખી વેચાણ કરે છે. જે હકિકત આધારે ઉલરોકટ સ્થળે રેઇડ કરતા, અલગ અલગ બ્રાન્ડની ઇંગ્લીંશ દારૂની નાની-મોટી વ્હીસ્કી/વોડકાની ૧૯૨ નંગ બોટલ કિ.રૂ.૭૮,૬૬૦/- નો મુદામાલ મળી આવ્યો હતો, જ્યારે રેઇડ દરમિયાન આરોપી ચંદ્રસિંહ ઉર્ફે કાળુભા સરદારસિંહ ઝાલા રહે.લજાઇ ગામ તા.ટંકારા હાજર મળી આવેલ ન હોય જેથી તમામ મુદ્દામાલ કબ્જે કરી ટંકારા પોલીસે આરોપીને ફરાર દર્શાવી તેની વિરુદ્ધ ગુનો દાખલ કરી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.

# માળીયા(મી)માં ઓનેસ્ટ ચેક પોસ્ટ નજીક રીક્ષામાં વિદેશી દારૂની હેરાફેરી કરતા એક પકડાયો

મોરબી-માળીયા(મી) હાઇવે ઉપર સીએનજી રીક્ષામાં વિદેશી દારૂની ૧૨ બોટલ લઈ નીકળેલ રીક્ષાના ચાલકની અટક કરવામાં આવી છે. આ સાથે પકડાયેલ આરોપી વિરુદ્ધ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી છે. માળીયા(મી) પોલીસ ટીમ નાઈટ રાઉન્ડ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન ઓનેસ્ટ પોલીસ ચેક પોસ્ટ ખાતે વાહન ચેકીંગ કામગીરી કરતા હતા, ત્યારે કચ્છ હાઇવે તરફથી આવતી સીએનજી રીક્ષા રજી.નં.જીજે-૩૬-ડબલ્યુ-૮૯૮૭ને રોકી તેની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂ રોયલ ચેલેન્જ વ્હિસ્કીની એક પેટી મળી આવી હતી, જેમાં દારૂની ૧૨ બોટલ કિ.રૂ.૮,૨૩૨/- હોય જેથી તુરંત રીક્ષા ચાલક આરોપી રોહિતભાઈ ગૌતમભાઈ વાણીયા ઉવ.૨૧ રહે.પીપળી ગામ તા.મોરબી વાળાની સ્થળ ઉપરથી અટક કરવામાં આવી હતી, આ સાથે માળીયા(મી) પોલીસે વિદેશી દારૂની હેરાફેરી કરવા ઉપયોગમાં લેવામાં આવેલ સીએનજી રીક્ષા કિ.રૂ.૧.૫૦ લાખ તથા વિદેશી દારૂ સહિત કુલ કિ.રૂ.૧,૫૮,૨૩૨/-નો મુદ્દામાલ જપ્ત કરી આરોપી વિરુદ્ધ પ્રોહી.એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

# મોરબીના રંગપર ગામે કારમાં ઈંગ્લીશ દારૂની ૫ બોટલ સાથે એક ઈસમની અટક

મોરબી તાલુકા પોલીસ ટીમ હોળી ધુળેટી તહેવારને અનુસંધાને પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન તાલુકાના રંગપર ગામ નજીક તથાસ્તુ સીરામીક સામે શંકાસ્પદ હાલતમાં નીકળેલ બ્રેઝા કાર રજી.નં. જીજે-૩૬-એજે-૭૬૭૧ વાળીને અટકાવી તેમાં ચેકીંગ હાથ ધર્યું હતું, ત્યારે બ્રેઝા કારના ચાલકની સીટ નીચે રાખેલ થેલામાંથી વિદેશી દારૂની પાંચ નંગ બોટલ કિ.રૂ.૩,૪૩૦/- મળી આવી હતી. આ સાથે તાલુકા પોલીસે આરોપી ગોવિંદભાઈ ઉર્ફે રાજુભાઈ ગોરધનભાઈ જીતીયા ઉવ.30 રહે.મોરબી ઈન્દીરાનગર વાળાની અટક કરવામાં આવી હતી, ત્યારે પોલીસે વિદેશી દારૂ તથા બ્રેઝા કાર સહિત ૫,૦૩,૪૩૦/-નો મુદ્દામાલ કબ્જે લઈ આરોપી વિરુદ્ધ ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ ચલાવી છે.

# વાંકાનેરમાં પતિ-પત્ની વચ્ચે થયેલ ઝઘડાનું લાગી આવતા પતિનો ગળેફાંસો ખાઈ આપઘાત

વાંકાનેર તાલુકાના ભાયાતી જાંબુડીયા ગામની સીમમાં શિવાય ઈન્ડસ્ટ્રીઝના લેબર ક્વાર્ટરમાં રહેતા મૂળ મધ્યપ્રદેશના બૈતુલ જિલ્લાના દુનાવા ગામના વતની રોશનભાઇ બસંતભાઇ ધુર્વ ઉવ.૨૩ તેની પત્નિ શીતલબેન સાથે સામાન્ય બોલાચાલી થયેલ હોય ત્યારે મૃતક રોશનભાઈએ તેની પત્નિને સામાન્ય માર મારેલ જેથી તેની પત્નિ રિસાઇને સુઇ ગઈ હતી, જે બાબતનું મૃતકને મનમાં લાગી આવતા, રોશનભાઈએ પોતાની જાતે ગળેફાંસો ખાઇ લેતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું, હાલ વાંકાનેર તાલુકા પોલીસે મૃત્યુના બનાવ અંગે પ્રાથમિક વિગતો મેળવી અ. મોતની નોંધ કરી આગળની તપાસ શરૂ કરી છે.

# જામનગરમાં રંગોત્સવની ઉલ્લાસપૂર્ણ ઉજવણી

## એસપી સહિત પોલીસ પરિવાર અને ધારાસભ્ય દિવ્યેશ અકબરીએ અનોખી રીતે મનાવી ધૂળેટી



જામનગરમાં ધુળેટી પર્વની ભવ્ય ઉજવણી વિવિધ સ્થળોએ કરવામાં આવી છે. પોલીસ હેડક્વાર્ટર ખાતે એસપી પ્રેમસુખ ડેલુંએ પોલીસ પરિવાર માટે ખાસ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. એસપી સહિત તમામ પોલીસ કર્મચારીઓએ રંગોથી એકબીજાને રંગીને ઉત્સવની મજા માણી હતી. ઓર્કેસ્ટ્રા અને ડીજેના તાલે સૌએ રાસ-ગરબાની રમઝટ બોલાવી હતી. આ પ્રસંગે એએસપી પ્રતિભા, અક્ષેસ એન્જિનિયર, ડીવાયએસપી જયવીરસિંહ ઝાલા, રાજેન્દ્ર દેવધા, એસઓજી અને એલસીબી પીઆઈ સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા. ધારાસભ્ય દિવ્યેશ અકબરીએ વૃદ્ધાશ્રમ અને અનાથ બાળકો સાથે ધુળેટીની ઉજવણી કરી હતી. બાળકોએ ઉત્સાહપૂર્વક ધારાસભ્ય અને અન્ય આગેવાનો સાથે રંગોની રમઝટ બોલાવી હતી. શહેરના મુખ્ય માર્ગો પર લોકોએ પરિવાર અને મિત્રો સાથે રંગોત્સવની મજા માણી હતી. અનેક રિસોર્ટ અને હોટલોમાં પણ ધુળેટીની ભવ્ય ઉજવણી થઈ હતી. પૂર્વ મંત્રી હકુભા જાડેજાએ વૃદ્ધાશ્રમના વડીલો સાથે ધુળેટી મનાવી હતી, જેમાં વડીલોએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# રાજકોટમાં રંગોના પર્વની ઉત્સાહભેર ઉજવણી





(તસ્વીરઃ આનંદ જાવિયા)





**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં ગઈકાલે ધૂળેટી પર્વ ની પણ ઉલ્લાસપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. લોકો મિત્ર વર્તુળ અને સ્નેહીજનો સાથે રંગે રમવા નીકળી પડ્યા હતા, અને શહેરનાં માર્ગો પર રંગોત્સવની ગૂંજ જોવા મળી હતી. ખાસ કરીને રાજકોટના રેસકોર્સ રીંગરોડ પર યુવાધને મન મૂકીને રંગોના તહેવારને માણ્યો હતો શેરી-ગલીઓમાં સોસાયટીઓમાં ડી.જે. સાઉન્ડનાં સથવારે પણ લોકોએ રંગોની મોજ માણી હતી. તો શહેરની આસપાસ આવેલ કેટલાક રીસોર્ટ - રેસ્ટોરન્ટ સહિતનાં વ્યવસાયિક એકમોમાં પણ ધૂળેટીને લઈને પૂલપાર્ટી સહિતનાં વિવિધ આયોજનો થયા હતાં.ખાસ કરીને યુવા વર્ગે મનભરીને રંગોત્સવ ઉજવ્યો હતો. શહેરના તમામ મુખ્ય માર્ગો પર સવારે ૧૦.૦૦ વાગ્યાથી લઈને બપોરે ૨,૦૦ વાગ્યા સુધી લોકો રંગોતસ્વ મનાવતા જોવા મળી રહ્યા હતા, અને ઠેર ઠેર રંગોની છોડ ઉડી રહેલી જોવા મળી હતી. જોકે મોટાભાગે પોલીસ દ્વારા બંદોબસ્ત ગોઠવેલો હોવાથી એક પણ સ્થળે અનિચ્છનીય બનાવ કે કોઈ સંઘર્ષની ઘટના જોવા મળી ન હતી. અથવા વિના કારણે કોઈ ઉપર રંગ ઉડાવીને ખલેલ પહોંચાડવાનો પ્રયાસ પણ થયો હોય તેવું જોવા મળ્યું ન હતું, અને શહેરીજનોએ અનુસાશન પૂર્વક ધૂળેટીનું પર્વ મનાવ્યું હતું.

અનેક હોટલ ખાનગી પાર્ટી પ્લોટ માં યોજાયેલા રંગારંગ કાર્યક્રમમાં યુવાધન ઉમટી પડ્યું હતું, અને ડી.જે. ધમાલ ની મસ્તી, અને રેઈન ડાન્સ, પુલ પાર્ટી સાથેના રંગારંગ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં યુવાવર્ગ જોવા મળ્યો હતો. સૌરાષ્ટ્ર-કચ્છમાં ગુરૂ અને શુક્રવારે હોળી તથા ધૂળેટી પર્વની ધર્મમય તથા રંગેચંગે ઉજવણી કરવામાં આવી હતી. ગઈકાલે દ્વારકાથી માંડી રાજકોટ સુધી લોકોએ રંગોત્સવ ઉજવ્યો હતો. રાજકોટ, મોરબી, જામનગર, જૂનાગઢ, ભાવનગર, દ્વારકા, સાળંગપુર સહિતના શહેરોમાં મંદિરોથી માંડી રસ્તા પર રંગોની છોળો ઉડી હતી. રાજકોટમાં યુવક-યુવતીઓ સવારથી બપોર સુધી મન મૂકીને રંગે રમતા હતા અને ડી.જે.ના સંગીત સાથે પણ જલ્સો કર્યો હતો.

## રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વિશ્વ ચકલી દિવસની ઉજવણી કરાશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનરતુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનિષભાઈ રાડીયા, બાગ બગીચા અને ઝૂ કમિટીના ચેરમેન સોનલબેન સેલારા એક સંયુક્ત યાદીમાં જણાવે છે કે,હાલમાં ચકલીની સંખ્યામાં દિન પ્રતિ-દિન ઘટતી થતી જાય છે. ચકલીના રક્ષણ માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા છેલ્લા ૧૪ વર્ષથી વિનામૂલ્યે નચકલીના માળાથ અને નપાણીના કુંડાથ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવે છે.

જે મુજબ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વિશ્વ ચકલી દિવસ અંતર્ગત તા.૨૦/૦૩/૨૦૨૫, ગુરૂવારના રોજ સવારે ૦૯:૩૦કલાકે મહાત્મા ગાંધી મ્યુઝિયમ, જ્યુબિલી ચોક પાસે, જવાહર રોડ, રાજકોટ ખાતે શહેરીજનોને વિનામૂલ્યે નચકલીના માળાથ અને નપાણીના કુંડાથ વિતરણ માટે કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય રાજકોટના પૂર્વ મેયર શ્રી જનકભાઈ કોટકના વરદ હસ્તે કરવામાં આવશે. આ કાર્યક્રમ મેયર નયનાબેન પેઢડીયાના અધ્યક્ષ સ્થાને યોજાશે.

આ કાર્યક્રમમાં આ કાર્યક્રમમાંગુજરાત સરકારના કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, રાજકોટના સાંસદ પરસોતમભાઈ રૂપાલા,રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરીયા,રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે,ધારાસભ્યપ ઉદયભાઈ કાનગડ, ડો.દર્શિતા શાહ,રમેશભાઈ ટીલાળા,ગુજરાત પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરા,ગુજરાત પ્રદેશ ભાજપ મંત્રી બિનાબેન આચાર્ય,ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા,સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર,મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા,શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ,દંડક મનિષભાઈ રાડીયા,શહેર ભાજપ મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા, વિરેન્દ્રસિંહ ઝાલા,બાગ બગીચા અને ઝૂ સમિતીના ચેરમેન સોનલબેન સેલારા, રાજકોટ મહાનગર પાલિકાના કોર્પોરેટરો, સંગઠનના હોદેદારો,રાજકોટ મહાનગરપાલિકા અધિકારીઓ-કર્મચારીઓ તથા શહેરીજનો ઉપસ્થિત રહેશે.

રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનિષભાઈ રાડીયા, બાગ બગીચા અને ઝૂ કમિટીના ચેરમેન સોનલબેન સેલારાએ લુપ્ત થતી ચકલીઓને બચાવવા આયોજીત કાર્યક્રમમાં ઉપસ્થિત રહીવિનામૂલ્યે નચકલીના માળાથથઅને નપાણીના કુંડાથ મેળવવા શહેરના પક્ષીપ્રેમીઓને તથા જીવદયા પ્રેમીઓને ખાસ નિમંત્રણ પાઠવેલ છે.

## જેતપુરની શાળાઓમાં કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરાયું

### આશરે ૫૦૦ વિદ્યાર્થીઓએ સોનેરી કારકિર્દી અંગે મેળવેલું માર્ગદર્શન

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સરકારે રાજ્યના બાળકોના ઉજ્વળ ભવિષ્ય માટે વિવિધ યોજનાઓને અમલીકૃત કરી છે. વિદ્યાર્થીઓને પોતાનામાં રહેલા આવડત અને કૌશલ્યને સાચી દિશા મળે, તે માટે રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાની કુંભાણી મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કુલ અને વીરપુર સ્થિત મોંઘીબા ગર્લ્સ સ્કુલ મળી કુલ બે સ્કુલ ખાતે પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટ અને રોજગાર કચેરી, રાજકોટના સંયુકત ઉપક્રમે કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. મોંઘીબા ગર્લ્સ સ્કુલમાં જલારામ હાઈસ્કુલના વિદ્યાર્થીઓ પણ જોડાયા હતા. આમ, આશરે ધોરણ ૯ થી ૧૨ના કુલ મળીને આશરે ૫૦૦ વિદ્યાર્થીઓને સોનેરી કારકિર્દીની દિશા બતાવવામાં આવી હતી.

પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટના માહિતી મદદનીશ રિધ્ધિબેન ત્રિવેદીએ વિદ્યાર્થીઓને માહિતી ખાતાની કામગીરી તેમજ માહિતી ખાતા દ્વારા પ્રકાશિત થતા ગુજરાત પાક્ષિક, રોજગાર સમાચાર અને અન્ય પ્રકીર્ણ સાહિત્ય અંગેની માહિતી આપી હતી. અને બાળકોને સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉપયોગી સાહિત્ય અંગેની વિસ્તૃત જાણકારી આપી હતી. અને ત્રણેય સ્કુલ્સની લાઈબ્રેરીને સમૃદ્ધ બનાવવા પ્રકીર્ણ સાહિત્યની ભેટ આપી હતી.

આ તકે રોજગાર કચેરીના કરિયર કાઉન્સેલર રાજેશભાઈ ચૌહાણે ધો.૧૦ અને ૧૨ પછી વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે જરૂરી તમામ પાસાઓનું વિસ્તૃત વર્ણન કર્યુ હતું. રોજગાર કચેરી દ્વારા યોજાતા ભરતી મેળાઓ અને આઈ.ટી.આઈ.માંથી થતાં વિવિધ કોર્ષ અંગે માહિતી આપી હતી. ઉપરાંત, એમ્પ્લોયમેન્ટ કાર્ડ કઢાવવાની પ્રક્રિયા અંગે જાણકારી આપી હતી.

રોજગાર કચેરીના ઓવરસીસ કરિયર કાઉન્સિલર હમીરભાઈ ચૌહાણે વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ સંબધિત તમામ પ્રક્રિયા અને અભ્યાસ માટે લેવાતી લોન સહિતની જરૂરી માહિતી આપી હતી. આ તકે વિરપુર મોંઘીબા સ્કુલના સેમિનારમાં સ્કુલના આચાર્ય મનિષાબેન કણઝારીયા, જલારામ હાઈસ્કુલના આચાર્ય પી.ડી.નૈયા અને જેતપુર ખાતેના સેમિનારમાં કુંભાણી મ્યુનિસિપલ ગર્લ્સ સ્કુલના સુપરવાઈઝર પી.ટી.સોસા અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



## ગુરૂવારે દિવસ અને રાત સરખાઃ તા.૨૧મી થી દિવસ ક્રમશઃ લંબાતો જાશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સૂર્યનો ક્રાંતિવૃત અને આકાશી વિષુવવૃત્ત વર્ષમાં બે વખત એકબીજાને છેદે છે. આ છેદન બિંદુને સંપાત દિવસ કહેવામાં આવે છે. તા. ૨૦ મી માર્ચ ગુરૂવારે દિવસ અને રાત સરખા જોવા મળશે. તા. ૨૧ મી શુક્રવારથી દિવસ લંબાતો જાય છે અને તા. ૨૧ મી જુને લાંબામાં લાંબો દિવસનો લોકો અનુભવ કરશે. ખગોળીય ઘટનાનો અનુભવ કરવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ અપીલ કરી છે.

જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે તા. ૨૦ મી માર્ચ ગુરૂવારે મુંબઈમાં દિવસ અને રાત ૧૨ કલાક-૧૨ કલાકના, અપર અને સુક્ષ્મ ગણિત આધારે સુર્યોદય રાજકોટ ૬.૫૩, અમદાવાદ ૬.૪૭, મુંબઈ ૬.૪૫, સુરત ૬.૪૬, ભુજ ૬.૫૮, વડોદરા ૬.૪૪, ભાવનગર ૬.૫૫, જુનાગઢ ૬.૫૪, જામનગર ૬.૫૪ જયારે સૂર્યાસ્ત રાજકોટ ૧૮.૫૩, અમદાવાદ ૧૮.૪૭, સુરત અને મુંબઈ ૧૮.૪૬, ભુજ ૧૮.૫૮, વડોદરા ૧૮.૪૪, ભાવનગર ૧૮.૫૫, જુનાગઢ ૧૮.૪૫, જામનગર ૧૮.૫૫, સરેરાશ દિવસ ૧૨ કલાક અને ૭ સેકન્ડ જયારે રાત્રી ૧૧ કલાક, ૫૯ મિનિટ અને ૫૩ સેકન્ડ. તા. ૨૧ મી માર્ચ પછી ઉત્તરોતર દિવસ લાંબો થતો જશે. આ દિવસ પછી સૂર્ય ઉત્તર તરફ ખસતો જતા ઉત્તર ગોળાર્ધની દિવસની લંબાઈ વધતી જાય છે અને રાત ટૂંકી થતી જાય છે. તા. ૨૧ મી જૂને લાંબામાં લાંબો દિવસ હોય છે.

વધુમાં જાથાના પંડયાએ જણાવ્યું કે ૨૧ મી માર્ચને વસંત સંપાત દિવસ તરીકે ઓળખવામાં આવે છે. જયારે તા. ૨૧ મી સપ્ટેમ્બરના દિવસને શરદ સંપાત તરીકે ઓળખાય છે. તા. ૨૧ મી માર્ચે સૂર્યની આકાશી વિષુવવૃત્તને છેદવાની પ્રક્રિયા શરૂ થતાં તે દિવસે રાત-દિવસ સરખા થાય છે. આ દિવસ પછી ગરમીનું પ્રમાણ વધતું જાય છે. વિષુવવૃત્ત એકબીજાને વર્ષમાં બે વખત છેદે છે. સૂર્ય ખસતો ખસતો આકાશી વિષુવવૃત્તને છેદે છે તેને વસંત સંપાત કહે છે.

વિશેષમાં જયંત પંડયાએ જણાવ્યું કે વસંત સંપાત દિવસ પછી ગરમી શરૂ થાય છે કારણ કે પૃથ્વી પોતાની ધરી ૨૩.૫ ને ખૂણે નમેલી હોય છે. હવે પૃથ્વીનું ઉત્તર તરફનું માથું સૂર્ય તરફ તેટલા ખૂણે નમેલું જોવા મળશે. આપણે ઉત્તર ગોળાર્ધમાં વસવાટ કરતા હોવાથી સૂર્યના સીધા કિરણો આપણા વિસ્તારમાં આવતા હોવાને કારણે ગરમીનું પ્રમાણ વધે છે. જયારે ૨૧ મી જુન પછી સૂર્ય પુનઃ દક્ષિણ દિશા તરફ વળે છે તેથી તેને દક્ષિણયાન કહે છે.

દિવસ-રાતની લંબાઈ ચંદ્રની દિશા, સૂર્ય તરફ પૃથ્વીનો ઝુકાવ અને સૂર્યને પરિભ્રમણ ગતિ વિગેરે પરિબળો પર આધારિત હોય છે. જે સતત બદલાતા રહે છે. આથી દિવસ-રાતની લંબાઈમાં સાત થી દસ મિનિટનો તફાવત સ્વાભાવિક માન્ય ગણાય છે.

અંતમાં ગુરૂવાર તા. ૨૦ મી એ દિવસ-રાત સરખા ખગોળીય ઘટના માણવા જાથાએ અપીલ કરી છે. વિશેષ માહિતી માટે મો. ૯૮૨ પર ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવો.

## સરકારી તાલુકા પુસ્તકાલય જસદણ ખાતે સ્પર્ધાત્મક પરીક્ષા માર્ગદર્શન સેમિનાર યોજાયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાની ઉપસ્થિતિમાં જસદણના સરકારી તાલુકા પુસ્તકાલય ખાતે સ્પર્ધાત્મક પરીક્ષા માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો.




રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને ગ્રંથાલય ખાતા સંચાલિત સરકારી તાલુકા પુસ્તકાલય, જસદણ ખાતે યોજાયેલ સ્પર્ધાત્મક પરીક્ષા અંગેના માર્ગદર્શન સેમિનારમાં મંત્રી કુંવરજીભાઈ બાવળીયા તેમજ અધિકારીઓએ યુવાનોને સ્પર્ધાત્મક પરીક્ષા અંગે માર્ગદર્શન આપ્યું હતું.

આ તકે મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળ થવા સતત મહેનત કરવા અપીલ કરી હતી.

મંત્રીએ જણાવ્યું હતું કે, આ વિસ્તારના યુવાનો સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરીને સરકારી નોકરીઓમા જોડાઈ રાજ્ય અને દેશની સેવા કરી શકે તે માટે વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને સાહિત્ય મળી રહે તે હેતુથી આ સેમિનારનું આયોજન કરાયું છે.

મંત્રીએ વધુમાં કહ્યુ હતું કે, રાજ્ય સરકાર દ્વારા વિવિધ વિભાગોમાં નિયમિત ભરતી કરવામાં આવે છે. ત્યારે યુવાનો ખૂબ વાંચે, મનન કરે અને ગ્રુપ ડિસ્કશન કરે તે જરૂરી છે, વિદ્યાર્થીઓને નાસીપાસ થયા વગર જીવનમાં સતત આગળ વધવા મંત્રીએ પ્રોત્સાહન પુરૂ પાડયું હતું.

સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા યુવાનોની જરૂરિયાત મુજબ તાલુકા મથકે જે સુવિધાની જરૂરિયાત હશે તે પૂરી કરાશે, તેવી કટિબદ્ધતા દાખવી મંત્રીએ જનરલ નોલેજ તથા અંગ્રેજી ગ્રામર પુસ્તકના ૨૫ સેટ લાઈબ્રેરીને ભેટ કર્યા હતા. તેમજ જો વધુ પુસ્તકોની જરૂરિયાત હશે તો તે પણ પુરા પાડવામાં આવશે, તેમ કહી મંત્રીએ માહિતી નિયામકની કચેરી દ્વારા પ્રકાશિત નસ્રગુજરાતથથ પાક્ષિક સહિતના વિવિધ યોજનાકીય પુસ્તકો સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે ઉપયોગી બનશે, તેમ જણાવ્યું હતું.

પ્રાંત અધિકારી આર.આર.ખાંભરાએ પરીક્ષાની તૈયારી માટે લઘુતાગ્રંથિ છોડવા તેમજ નાના સેન્ટરમાં રહીને પણ સરકારી નોકરીની તૈયારી કરી શકાય, તે અંગે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું. આ ઉપરાંત એન.સી.ઈ.આર.ટી. તેમજ જી.સી.ઈ.આર.ટી.ના પુસ્તકોથી વાંચનની શરૂઆત કરવા અપીલ કરી હતી. આ ઉપરાંત નિયમિત ન્યુઝ પેપર વાંચવા, સીલેબસ મુજબ તૈયારી કરવા, સોશિયલ મીડિયાનો પરીક્ષાની તૈયારીમાં ઉપયોગ કરવા, અગાઉની પરીક્ષાના પેપર્સનો અભ્યાસ કરવા સહિત વિસ્તૃત જાણકારી આપી હતી.

મામલતદાર આઈ.જી. ઝાલાએ વિદ્યાર્થીઓને ગોખણપટ્ટીથી દુર રહેવા તેમજ ભાષા અને તર્ક પર ભાર આપવા, લોજિકલ એબિલિટી વધારવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમના પ્રસંગે શાબ્દિક સ્વાગત મદદનીશ ગ્રંથાલય નિયામક એલ.આર.મોઢે કરી સેમિનારની જાણકારી આપી હતી.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# એટ્લાન્ટિસ બિલ્ડિંગની આગમાં સ્વિગીના ડિલિવરીમેન, બે પિતરાઈ ભાઈ સહિત ૩નાં મોત






(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ધુળેટીના દિવેસ રાજકોટના ૧૫૦ ફૂટ રિંગરોડ પર આવેલ એટ્લાન્ટિસ બિલ્ડિંગના પાંચમાં અને છઠ્ઠા માળે આગ લાગી હતી. જેમાં અજયભાઇ મકવાણા તથા કલ્પેશભાઈ લેવા અને મયૂરભાઈ લેવા નામના બે પિતરાઈ ભાઈના મોત થયા છે.

સ્વિગીના ડિલિવરી મેન અજયભાઈ બિલ્ડિંગમાં પાર્સલ ડિલિવરી કરવા ગયા ને આગની ચપેટમાં આવી જતા મોત નીપજ્યું. બિલ્ડિંગના છઠ્ઠા માળે ફ્લેટમાં ફર્નિચર કામ ચાલુ હતું જેમાં શોર્ટસર્કિટ થવાના કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. આગની ઘટના બનતા હાઈડ્રોલિક લિફ્ટ મારફત ઉપરના માળથી લોકોને નીચે ઉતારાયા હતા.

આ દુર્ઘટનામાં મૃતક અજયભાઇ ખીમજીભાઈ મકવાણા (ઉ.વ.૩૧) રાજકોટમાં વીર સાવરકર નગરમાં રહેતા હતા અને સ્વિગીમાં નોકરી કરતા હતા. તેઓ દુર્ઘટનાગ્રસ્ત બિલ્ડિંગમાં પાર્સલ ડિલિવરી કરવા ગયા ને આગની



મૃતક અજય મકવાણા, કલ્પેશ લેવા અને મયુર લેવા

ચપેટમાં આવી જતા મોત નીપજ્યું હતું. મૃતક અજયભાઈને સંતાનમાં એક ૩.૫ વર્ષની દીકરી છે જેનું નામ દિશા છે અને પરિવારમાં તે બે ભાઈમાં મોટા હતા. ઘટનાની જાણ થતાં પત્ની સહિત પરિવાર તાત્કાલિક હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો. પતિના સમાચાર સાંભળીને પત્ની ભાંગી પડી હતી. પત્નીએ રડતાં રડતાં કહ્યું કે મેં આજે તહેવાર માટે રજા રાખવાનું કહ્યું હતું પરંતુ તેઓએ રજા ન રાખી અને બપોરે આવી જઈશ સાથે જમીશું એમ કહ્યું હતું. મને ક્યાં ખબર હતી કે તેમની બપોર આવી હશે.

રાજકોટ ડીસીપી ઝોન-૨ જગદીશ બાંગરવાએ નિવેદન આપતા જણાવ્યું હતું કે, રાજકોટ ૧૫૦ ફૂટ રિંગ રોડ પર આવેલ એટ્લાન્ટિસ બિલ્ડિંગમાં છઠ્ઠા માળે ફ્લેટમાં આગ લાગવાની જાણ થતાં પોલીસ સ્ટાફ સ્થળ પર પહોંચ્યો હતો. આગ લાગવાના કારણે કુલ ૫ લોકો ઈજાગ્રસ્ત થયા હતા જે પૈકી ૩ લોકોના મોત નીપજ્યા છે જ્યારે એક વ્યક્તિ સારવાર હેઠળ છે અને એક વ્યક્તિને ઓછી ઈજા હોવાથી સારવાર આપી તેને ડિસ્ચાર્જ કરવામાં આવેલ છે. મૃતક ૩ લોકોમાં અજયભાઇ મકવાણા, કલ્પેશભાઈ લેવા અને મયુરભાઈ લેવા હોવાનું સામે આવ્યું છે. મૃતક અજયભાઇ સ્વિગીમાં ડિલિવરી બોય તરીકે કામ હતા. જ્યારે કલ્પેશભાઈ લેવા બ્લિન્કીટ કંપનીમાં રાઈડર તરીકે કામ કરતા હતા. અને તેમનો પિતરાઈ ભાઈ મયુર રાજકોટમાં જ કોલેજમાં અભ્યાસ કરતો હતો.

આજે સવારના સમયે કલ્પેશભાઈ ૧૦.૧૦ વાગ્યે સ્ટોર પરથી એલ્યુમિનિયમ ફોઈલ ૭૨ મીટર કિંમત રૂપિયા ૪૬૪ની લઈ ડિલિવરી માટે ગયા હતા પરંતુ તેઓનો ઓર્ડર ડિલિવરી થઈ શક્યો ન હતો. આજે રજા હોવાથી બન્ને ભાઈઓ સાથે હતા અને આ દરમિયાન આગની ચપેટમાં આવી જતા મોત નીપજ્યું. મૃતક કલ્પેશના એક મહિના પહેલા જ લગ્ન થયા હતા. મૂળ તેઓ ઉના તાલુકાના વતની છે. રાજકોટમાં બન્ને પિતરાઈ ભાઈઓ સાથે પીજીમાં રહેતા હતા. આગ લાગવાનું પ્રાથમિક કારણ શોર્ટસર્કિટ હોવાનું સામે આવ્યું છે, પરંતુ ચોક્કસ કારણ જાણવા માટે ઋજક તેમજ ડ્ક્ષ્ટઈકની મદદ લેવામાં આવી છે. માલવિયાનગર પોલીસ દ્વારા એક્સિડેન્ટલ ડેથ મામલે તપાસ કરવામાં આવશે. તેમજ આ બિલ્ડિંગમાં ફાયર ગઘઈ હતું કે કેમ ઈઞ પરમિશન હતી કે કેમ સહિતની દિશામાં પણ તપાસ હાથ ધરવામાં આવશે. હાલ પોલીસે તમામ ત્રણેય મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

## જામનગર રોડ પર પડધરીના શખ્સના કબ્જામાંથી એક લાખનો ગાંજો મળી આવ્યો

### સુરતથી ગાંજો લાવી વાહનમાં ઉતરી પડધરી જવાની તૈયારી કરતો હતો ત્યાં એસઓજીએ દબોચી લીધો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

પડધરી ખાતે રહેતો અને અગાઉ પણ પોલીસ ચોપડે ચડી ચુકેલો નામચીન શખ્સ જામનગર રોડ પર માદક પદાર્થ સાથે ઉભો છે તેવી બાતમીના આધારે એસઓજી સ્ટાફે ત્યાં ધસી જઈ દરોડો પાડતા પડધરીનો શખ્સ ૯.૯૮૮ કિ.ગ્રા. ગાંજા સાથે ઝડપાઈ નસ્ર ગયો હતો. આથી એસઓજીએ એક લાખનો મુદ્દામાલ કબ્જે કરી પડધરીના - શખ્સની પુછપરછ હાથ ધરી છે.

અંગેની વિગત મુજબ પડધરીનો શખ્સ જામનગર રોડ પર કર્નલ બંગલા પાસે ઘંટેશ્વર પાર્કના સામેના ભાગે માદક પદાર્થ સાથે ઉભો -છો તેવી બાતમી મળતા પીઆઈ એસએમ જાડેજાની સુચનાથી પીએસઆઈ માજીરાણા, એએસઆઈ વિરેન્દ્રસિંહ - સહિતનો કાફલો જામનગર રોડ દોડી ગયો હતો. ત્યાં જઈ જોતા પડધરી ખાતે રહેતો મજીદ સત્તારભાઈ ગેલેરિયા - ઉ.વ.૫૭ નામનો શખ્સ વિમલના થેલા સાથે ઉભો હોવાનું જણાઈ આવ્યું હતું. આથી આ શખ્સને અટકાયત કરી તેની પાસે રહેલા થેલાની ચકાસણી કરતા અંદરથી માદક પદાર્થ ગાંજો મળી આવ્યો હતો. આથી આ શખ્સની ધપકડકરી ૯.૯૮૮ કિ.ગ્રા. કિંમત રૂા. ૯૯,૮૮૦ની કિંમતનો ગાંજો ઉપરાંત મોબાઈલ ફોન સહિતનો મુદ્દામાલ કબ્જે કરી ગાંધીગ્રામ પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવવામાં આવ્યો હતો. એસઓજી પીઆઈ એસએમ. જાડેજા તથા તેમની



ટીમ દ્વારા આ શખ્સની પુછપરછ હાથ ધરવામાં આવી હતી. તેમાં તેણે એવુ જણાવ્યું હતું કે, પોતે આ ગાંજાનો જથ્થો સુરતથી લાવ્યો છે. બસ મારફત ઘંટેશ્વર પહોંચ્યા બાદ ત્યાં ઉતરી અન્ય વાહન મારફત પડધરી જવા નિકળ્યો હતો. ત્યાં પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. પોલીસ સુત્રોના જણાવ્યા પ્રમાણે આ શખ્સ ૨૦૧૭માં પણ જામનગર રેલવે પોલીસના હાથે ગાંજા સાથે ઝડપાઈ ગયો હતો. આ ઉપરાંત મોરબી, પડધરી સહિતના પોલીસ મથકોમાં અને રાજકોટના એ ડિવિઝન પોલીસ મથકમાં મારામારી જેવા ગુનામાં પણ પોલીસ ચોપડે ચડીચુક્યો છે.

## ગોંડલના યુવકના રહસ્યમય મોત કેસમાં નવો વણાક :ટ્રાવેલ્સે અડફેટે લેતા યુવાનનું મોત, થયુ'તુ

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગત ૧૦ માર્ચના રોજ ગોંડલના પૂર્વ ખકઅ જયરાજસિંહ અને તેમના પુત્ર ગણેશ પર રાજકુમાર જાટ નામના યુવકને માર મારવાનો તેના પિતા રતનલાલ જાટે આક્ષેપો કર્યા હતા. માર માર્યા બાદ રાજકુમાર જાટનો રાજકોટ અમદાવાદ હાઈવે પર તરઘડિયા નજીક ઓવરબ્રિજ પર મૃતદેહ મળી આવ્યો હતો. ત્યારબાદ મૃતકના પિતાએ જયરાજસિંહ અને તેમના દીકરા પર હત્યાના આક્ષેપો કર્યા હતા. તેમજ પોલીસની ભૂમિકા સામે પણ સવાલો ઉઠાવ્યા હતા. આ કેસમાં હવે નવો ખુલાસો થયો છે.

પોલીસ તપાસમાં મહાસાગર ટ્રાવેલ્સના બસચાલક દ્વારા અકસ્માત કરવામાં આવ્યો હોવાનું સામે આવતા પોલીસે રમેશ મેર નામના બસચાલકની અટકાયત કરી બસને કબજે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

યુવાનનું આઈડેન્ટિફિકેશન તારીખ ૯ના થયું હતું. આઈડેન્ટિફિકેશન થયા બાદ ફરિયાદીની ફરિયાદ લઈને ફેટલ એક્સિડન્ટનો ગુનો સૌપ્રથમ દાખલ કરવામાં આવ્યો હતો. ફેટલ એક્સિડન્ટનો ગુનો અનડિટેક્ટ હોવાથી અલગ અલગ ટીમોની રચના કરવામાં આવી હતી. આ બનાવ ખૂબ જ ચર્ચાસ્પદ થયેલો હોવાથી પોલીસ કમિશનર બ્રિજેશકુમાર ઝા અને અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા દ્વારા અલગ અલગ ટીમો બનાવવાની સૂચના આપવામાં આવી હતી. જેના આધારે જ્ઘ્રૠ, કુવાડવા રોડ પોલીસ મથક, કઈઈ, ઝોન-૧ એમ અલગ અલગ ટીમો બનાવીને વિવિધ સ્થળોએ સતત ચકાસણી કરવામાં આવી હતી. ત્યારબાદ સિનિયર અધિકારીઓ કે જેમાં પોલીસ કમિશનર, અધિક પોલીસ કમિશનર, ઝોન-૧ અને અમારા




દ્વારા સ્થળની વિઝીટ કરવામાં આવી હતી. જે વિઝીટ કરીને કયા સમયગાળા દરમિયાન આ બનાવ બની શક્યો હોય તે જોવામાં આવ્યું હતું.

શંકાસ્પદ બસના આધારે તેની ટ્રીપની માહિતી મેળવી ડ્રાઈવર કોણ હતું તેની માહિતી મેળવી અને આગળ જૂનાગઢ પોલીસની મદદ લઈને તે ડ્રાઈવરની પૂછપરછ હાથ ધરવામાં આવી અને પૂછપરછના અંતે તે ડ્રાઈવર દ્વારા રાત્રિનો સમય હોવાથી બ્રિજથી તે નીચે ઉતરતા હતા. તે જ સમયે આ વ્યક્તિ રસ્તાની વચ્ચે ચાલ્યો જતો હતો અને આંખ પર પ્રકાશ પડતા ભૂલથી તેનાથી એક્સિડન્ટ થઈ ગયું તેવી કબૂલાત આપવામાં આવી હતી. આ કબૂલાતના આધારે આગળની તપાસ હાથ ધરવામાં આવી. સાથે અન્ય સાહેદોના નિવેદનો લેવા માટેની તજવીજ કુવાડવા પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી છે. બસની ફોરેન્સિક એક્સપર્ટ દ્વારા ચકાસણી હાથ ધરવામાં આવી છે.

## ગોંડલ રોડ પર પારડીના પુલ નીચે યુવાનની છરીના ઘા ઝીકી હત્યા

### દોઢ મહિના પહેલા જ પૂજા નામની યુવતિ સાથે લવમેરેજ કર્યા હતાંઃ પૂજા ઉર્ફે પૂનમે પ્રથમ લગ્નમાં છુટાછેડા બાદ ઉપલેટાના શખ્સ સાથે મૈત્રીકરાર કર્યા હતાંઃ અગાઉ રવિને પૂજાના પુર્વ પ્રેમીએ ધમકી આપ્યાનો અને તેણે જ હત્યા કર્યાનો પરિવારજનોનો આક્ષેપ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના કાલાવડ રોડ પર આવેલા કણકોટના મુળ વતની અને દોઢ મહિના પહેલા જ લોધીકા તાબેના પારડી ગામની યુવતિ સાથે લવમેરેજ કરનારા ૨૮ વર્ષના યુવાનની રાતે પારડીના પૂલ પાસે છરીના ૯ ઘા ઝીંકી હત્યા કરાયેલી લાશ મળી આવતાં અરેરાટી વ્યાપી ગઈ છે. શાપર પોલીસે તપાસ શરૂ કરી છે. આ યુવાને જેની સાથે લવમેરેજ કર્યા હતાં તે યુવતિના પુર્વ પ્રેમીએ હત્યા કર્યાની શંકા પરિવારજનોએ વ્યક્ત કરતાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

જાણવા મળ્યા મુજબ મુળ કણકોટની એકલવ્ય સોસાયટી મફતીયાપરામાં રહેતો રવિ દિલીપભાઈ મકવાણા (ઉ.વ.૨૮) હાલમાં પારડી ગામે રૂમ રાખીને પત્નિ પૂજા ઉર્ફે પૂનમ સાથે રહેતો હતો. રાતે તેની લાશ પારડીના પૂલ પાસે પડી




હોવાની જાણ થતાં શાપર પોલીસ મથકના પીએસઆઇ વી. જી. જેઠવા સહિતના સ્ટાફે દોડી જઈ તપાસ શરૂ કરી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડયો હતો.

બનાવની જાણ થતાં હત્યાનો ભોગ બનનાર રવિના માતા હંસાબેન, પિતા દિલીપભાઈ હીરાભાઈ મકવાણા સહિતના પરિવારજનો હોસ્પિટલે દોડી આવ્યા હતાં. પરિવારજનોએ કહ્યું હતુ કે-રવિ બે બહેનનો એકનો એક મોટો ભાઈ હતો અને અગાઉ છુટક મજૂરી કરતો હતો. તેણે દોઢ મહિના પહેલા જ પારડીની પૂજા ઉર્ફે પૂનમ સાથે પ્રેમ થઈ જતાં બંનેએ લવમેરેજ કર્યા હતાં. એ પછી બંને થોડા દિવસ કણકોટ અમારી સાથે રહ્યા હતાં. બાદમાં જેતપુરમાં કારખાનામાં કામ મળ્યું હોઈ ત્યાં રૂમ રાખીને રહેવા જવાનું કહીને કણકોટથી જેતપુર રહેવા ગયા હતાં. જો કે ત્યાંથી બે ત્રણ દિવસ પહેલા જ બંને ફરી પારડી પૂજાના માવતરના ગામમાં રૂમ રાખીને રહેતાં હતાં.

ગત રાતે રવિને કોઈપણ રીતે બોલાવી જઈ કે દગાથી આંતરીને હત્યા કરી નાખવામાં આવી હતી. તેના શરીર પર અલગ અલગ જગ્યાએ તિક્ષ્ણ હથીયારના આઠથી નવ જેટલા ઘા છે. માતા-પિતાએ આક્ષેપ કર્યો હતો કે રવિએ જેની સાથે લવમેરેજ કર્યા હતાં એ પૂજાના પ્રથમ લગ્ન અનીડાવાછડાના યુવાન સાથે થયા હતાં. પહેલા લગ્નથી તે એક સંતાની માતા બની હતી. એ પછી તેણીએ છુટાછેડા લીધા હતાં અને બાદમાં ઉપલેટાના આહિર શખ્સ સાથે મૈત્રીકરારથી રહેતી હતી. છેલ્લે અમારા દિકરા રવિ સાથે દોઢેક મહિના પહેલા પ્રેમલગ્ન કર્યા હતાં. આ વાત તેણીના પુર્વ પ્રેમી એવા ઉપલેટાના શખ્સને ગમતી ન હોઈ જેથી તેણે અગાઉ રવિને મારી નાખવાની ધમકી પણ આપી હતી. આથી અમને શંકા છે કે પૂજાના પુર્વ પ્રેમીએ જ આ હત્યા કરી છે. શાપર પોલીસે આ મામલે ગુનો નોંધવા અને આરોપી અંગે તપાસ કરવા તજવીજ હાથ ધરી છે. યુવાન દિકરાની હત્યાથી પરિવારમાં કલ્પાંત સર્જાયો છે

## હોલીકા દહનના દર્શન દરમ્યાન યુવતીની છેડતીની ફરિયાદ નોંધાઈ

ગઈકાલે હોળીના પર્વ દરમિયાન હોલિકા દહનના દર્શન કરવા જતી યુવતીની છેડતી કરવામાં આવી હોવાની ફરિયાદ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. જેમાં ફરિયાદીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, પોતે ચાલીને જતા હતા. ત્યારે આરોપી કૌશલ ઉર્ફે કરણ મકવાણા પોતાનું વાહન લઇ આવતો હતો અને તેની બાજુમાંથી કાવો મારી પસાર થઇ ફરિયાદીની ગાળામાં રહેલ ચુંદળી ખેંચી છેડતી કરી હતી. જેથી તેની માતાએ આરોપીને ઠપકો આપી કાવો મારી છેડતી કેમ કરશ કહેતા આરોપીએ સામે ગાળો આપી તારા ઘર ઉપર પથ્થર અને દારૂની પોટલીઓ ઘા કરીશ કહી નજીકમાં પડેલ ઈંટ ઉપાડી સામે મારવા કોશિશ કરી હતી. જોકે, તે ફરિયાદીને વાગી ન હતી. આમ ઘર ઉપર હુમલાની ધમકી આપી છેડતી કર્યા અંગે યુનિવર્સીટી પોલીસે ઈગજ કલમ ૭૮(૨), ૩૫૧(૨) હેઠળ ફરિયાદ નોંધી છે.

## સોમનાથ ઈન્ડસ્ટ્રીમાં પહેલા માળેથી પટકાતા યુવાનનું ગંભીર ઈજાના કારણે ટૂંકી સારવાર દરમિયાન મોત નીપજ્યું

### વૃદ્ધાનું દાઝી ગયા બાદ સારવાર દરમિયાન મોતઃયુવકને મરવા મજબૂર કર્યાની ફરિયાદ નોંધાઈ

રાજકોટના કોઠારીયા ગામે સોમનાથ ઈન્ડસ્ટ્રીઝ શેરી નંબર ૧માં ગત તારીખ ૧૨.૩.૨૦૨૫ના રોજ રાત્રિના સમયે પહેલાં માળેથી નીચે પટકાતા શ્યામ કરણ ખેમચંદ (ઉ.વ.૨૮) નામના યુવાનને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેને સારવાર અર્થે વિદ્યાનગર મેઈન રોડ પર આવેલ ગોકુલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જોકે, આજ રોજ બપોરના ૩ વાગ્યા આસપાસ તેને ટૂંકી સારવાર દરમિયાન દમ તોડી દેતા બનાવની જાણ પોલીસને કરતા આજીડેમ પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ હાથ ધરી છે. નીલકંઠ સિનેમા પાછળ મેહુલનગરમાં રહેતા જશુબેન લાખાભાઈ ડાવેરા (ઉ.વ.૮૦) નામના વૃધ્ધા પોતાના ઘરે હતા ત્યારે ગઈકાલે રાત્રિના ૮ વાગ્યે ધુમાડો કરવા માટે કોથળો સળગાવતા હતા દરમિયાન પોતે શરીરે દાજી જતા તેને સારવાર માટે રાજકો સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ગંભીર રીતે દાજી જતા વૃધ્ધાએ આજે સવારે ૯ વાગ્યે ટૂંકી સારવાર દરમિયાન દમ તોડી દેતા હોસ્પિટલ ચોકીના સ્ટાફે ભક્તિનગર પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલ પહોંચી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ હાથ ધરી છે. બીજા બનાવમાં ભાનુભાઈ મેટાળીયાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, મારો દીકરો દિનેશ મેટાળીયા અશોકભાઈ મકવાણાને ત્યાં મજૂરી કામ કરતો હતો, પરંતુ અજય મેણીયા નામનો યુવાન મારા દીકરા દિનેશને અશોકભાઈને ત્યાં મજૂરી કામ અર્થે ન જવા વારંવાર દબાણ કરતો હતો અને શારીરિક માનસિક ત્રાસ આપતો હતો તેમજ જો ત્યાં કામે જશે તો જાનથી મારી નાખશે તેવી ધમકી આપતો હતો. જેથી તેના ત્રાસથી કંટાળી લોઠડા ગામ ખાતે અમારા ઘરમાં ગઈકાલે રાત્રિના ૧૦ વાગ્યે દીકરા દિનેશએ જાતે જ પેટના ભાગે છરી મારી આત્મહત્યા કરી લીધી છે જેથી તેને મરવા મજબુ કરવા બદલ કાયદેસર કાર્યવાહી કરવા ફરિયાદ આપતા આજીડેમ પોલીસે ઈગજકલમ ૧૦૮, ૩૫૧(૩), ૫૪ મુજબ ગુનો નોંધી આરોપી અશોક મકવાણા અને અજય મેણીયા વિરુધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## શહેરમાં હોળી-ધુળેટી અંતર્ગત દારૂની બાટલીઓની હેરાફેરી કરવા નીકળી પડેલા 13 ઝડપાયા

- **અગિયાર સ્થળે પોલીસે દરોડા પાડી એક લાખથી વધુનો દારૂ કબ્જે કર્યો**

**મુખ્ય સમાચાર,રાજકોટ**

હોળી ધુળેટી પર્વમાં દારૂની રેલમછેલ ન થાય તે માટે પોલીસ સતર્ક બની હતી અને આગોતરી તકેદારી રૂપે દારૂના ધંધાર્થી ઓ પર ઘોંસ બોલાવી હતી. શહેરમાં પોલીસે અલગ-અલગ વિસ્તારમાં અગિયાર દરોડા પાડી તેર શખ્સોને વિદેશી દારૂ સાથે ઝડપી લીધા હતાં. કુલ એક લાખ બાર હજારનો દારૂ કબ્જે કરી શખ્સોની ધરપકડ કરવામાં આવી હતી. વિગતો પર નજર કરીએ તો એ-ડીવીઝન પોલીસે જીલ્લા ગાર્ડન ચોક પાસેથી દારૂની એક બોટલ



સાથે કિશન વિજયભાઈ ફિચડીયા (રહે. લક્ષ્મણ ટાઉનશીપ, કાલાવડ રોડ) તથા લોહાનગર મફતીયા પરામંથી બીયરના ૧૫ ટીન સાથે ચામુંડાનગરનો પાર્થ પ્રવિણભાઈ શુકલા, જયારે પેડક રોડ સેટેલાઈટ ચોક પાસેથી વિશાલ ભરતભાઈ મકવાણાને વિદેશીદારૂના એકચપલા સાથે તથા માર્કેટીંગ યાર્ડ રોડ પર મનહર સોસાયટી માં પીસીબીની ટીમે મકાનમાંથી જયેશ લખમણભાઈ કતકપરાને રૂા. ૪૦,૪૧૮ની કિંમતની વિદેશી દારૂની ૧૨૨ બોટલ સાથે પકડી લઈ ધવલ ધીરેનભાઈ પુજારાની શોધખોળ આદરી છે. બી-ડીવીઝન પોલીસે મોરબીરોડ વેલનાથપરાના પુલ પાસેથી દારૂની એક બોટલ સાથે મ હરેશ ઉર્ફે ભુરો મોતીભાઈ જાદવને તથા દારૂની એક બોટલ સાથે એક સગીરને પકડી લીધો હતો. આ ઉપરાંત પીસીબીએ સંતકબીર રોડ પર નાલા પાસેથી દારૂની ૨૦ બોટલ સાથે સગીરને પકડયા બાદ પીયુષ રમેશ ચોવટીયાની શોધખોળ આદરી છે. જ્યારે હુડકો ચોકડી પાસેથી આજીડેમ પોલીસે દારૂની એક બોટલ સાથે કિશન પ્રવિણભાઈ હાડા, અને હરીશંકર રામચરણ તિવારીને તેમજ યુનિવર્સિટી પોલીસે શ્યામાપ્રસાદ મુખર્જી ટાઉનશીપ પાસેથી દારૂની ૭૨ બોટલ સાથે ભાવીન દેવરાજભાઈ સોલંકીને તથા સનાતન સાઈડની બાજુમાંથી દારૂની ૭૨ બોટલ સાથે ધવલ નરેન્દ્રભાઈ ચૌહાણને પકડી લઈ કાર્યવાહી કરી હતી. આમ અગિયાર દરોડામાં તેર મ શખ્સો વિદેશી દારૂની હેરાફેરી કરતાં ઝપટમાં આવી ગયા હતાં.

## રેલનગરમાં નવા મકાનની સાઈટ પર પહેલા માળેથી પટકાતાં યુવકનું મોત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રેલનગરમાં કર્ણાવતી સ્કૂલ પાસે મનહરી એકલવ્ય એપાર્ટમેન્ટમાં રહેતા વ્રજેશભાઈ બિપીનભાઈ ગોહેલ (ઉ.૩૮) તા.૨૩ ફેબુઆરીના રોજ પોતાના ઘર નજીક નવા બનતા મકાનની સાઈટ પર આંટો મારવા ગયા હતા. તે દરમિયાન મકાનના પહેલા માળેથી અકસ્માતે પડી જતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા જેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. બનાવને પગલે પ્ર.નગર પોલીસે તપાસ કરતા મૃતક યુવાન બે ભાઈમાં નાના હતા અને તેને સંતાનમાં એક પુત્રી અને એક પુત્ર છે. તેમજ વ્રજેશભાઈ લાખાજીરાજ રોડ પર લેડી લૂક ટેઈલર નામે દુકાન ચલાવી તેના પરિવારનું ગુજરાન ચાલવતા હોવાનું પરિવારે જણાવતા પોલીસે વધુ કાર્યવાહી કરી છે.

અન્ય એક બનાવમાં રેલનગર પાસેના સંતોષીનગરમાં ટેકરી વિસ્તારમાં રહેતા સુરેશભાઈ ચાવડિયા (ઉ.૩૫)એ પોતાના ઘેર હતા ત્યારે ઝેરી દવા પી જતા તેને સારવાર માટે સિવિલમાં ખસેડાયા હતા જેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. પ્ર.નગર પોલીસ મથકના પીએસઆઇ બોરીસાગર સહિતે તપાસ કરતા મૃતક યુવાન છ ભાઈ પાંચ બહેનમાં વચેટ હોવાનું અને તેને સંતાનમાં એક પુત્ર હોવાનું અને ડ્રાઈવિંગ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હોય અને તેને છેલ્લા ત્રણેક દિવસથી મગજ ભમતો હોય અને અચાનક આ પગલું ભરી લીધાનું પરિવારે જણાવતા પોલીસે વધુ કાર્યવાહી કરી છે.